# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 15-04-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day: TUESDAY** **National News**

નમસ્કાર,આકાશવાણી,

OPENING SIGNATURE TUNE

સમાચાર અનિલ પટેલ વાંચે છે.

---

## મુખ્ય સમાચાર

(મ્યુસિક અંડરપ્લે )

1) **E.D.**.એ હરિયાણામાં જમીન કૌભાંડ સાથે સંકળાયેલા મની લૉન્ડરિંગ કેસની તપાસ માટે રૉબર્ટ વાડરાની પૂછપરછ
2) પશ્ચિમ બંગાળના રાજ્યપાલ ડૉ. સી. વી. આનંદ બોઝને મુર્શિદાબાદ જિલ્લામાં થયેલી હિંસા મામલે હસ્તક્ષેપ કરવા ભાજપે અનુરોધ કર્યો
3) આગ પર કાબૂ મેળવ્યા બાદ ઉત્તર પ્રદેશના લખનૌની લોકબંધુ હોસ્પિટલમાં ઓપીડી સેવાઓ ફરી કાર્યરત થઇ
4) અમેરિકા દ્વારા ઇલેક્ટ્રોનિક્સ ઉત્પાદનો પર કામચલાઉ રીતે ટેરિફમાં રાહત આપવાના સંકેતોના પગલે ભારતીય શેરબજારમાં તેજીનો માહોલ
5) **I.P.L.**માં આજે પંજાબ કિંગ્સ અને કોલકાતા નાઈટ રાઈડર્સ વચ્ચે મુકાબલો

.....................................................................

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# ED ROBERT VADRA

પ્રવર્તન નિદેશાલય- E.D. હરિયાણામાં એક જમીન કૌભાંડ સાથે જોડાયેલા મની લૉન્ડરિંગ કેસની તપાસ માટે; કૉંગ્રેસનાં વરિષ્ઠ નેતા પ્રિયંકા ગાંધી વાડરાનાં પતિ રૉબર્ટ વાડરાની પૂછપરછ કરી રહી છે. આ મામલો રૉબર્ટ વાડરાની કંપની દ્વારા ગુરુગ્રામમાં જમીન ખરીદી સાથે જોડાયેલો છે. આ પહેલા સવારે રૉબર્ટ વાડરા E.D. સમક્ષ રજૂ થવા માટે દિલ્હીની E.D. કચેરીએ પહોંચ્યા છે.

બીજી તરફ, E.D.ની ટુકડી રાજસ્થાનના પૂર્વ મંત્રી પ્રતાપસિંહ ખાચરિયાવાસ અને અન્ય લોકોના આવાસ સહિત 15-થી વધુ સ્થળ પર દરોડા પાડી રહી છે. મૅસર્સ P.A.C.L. સાથે જોડાયેલા 48 હજાર કરોડ રૂપિયાના મોટા રોકાણ કૌભાંડની તપાસના એક ભાગ અંતર્ગત આ દરોડા પાડવામાં આવ્યા છે. સૂત્રોના જણાવ્યા મુજબ, કંપની અને તેમની સહકારી સંસ્થાઓની મિલકતોને ગેરકાયદેસર વેચવાના આક્ષેપમાં દિવંગત નિર્મળ સિંઘ ભાન્ગુના ભાગીદારો સામે પણ F.I.R. નોંધવામાં આવી છે.

# S.JAYSHANKAR

કેન્દ્રીય વિદેશ મંત્રી એસ. જયશંકર બે દિવસની ગુજરાતની મુલાકાતે છે. આ બે દિવસ દરમિયાન તેમણે નર્મદા જીલ્લાની મુલાકાત લીધી હતી. તેમણે તિલકવાડા અને રાજપિપળામાં વિવિધ વિકાસ કાર્યોનું લોકાર્પણ અને ખાતમૂહુર્ત કર્યું હતું.. તેમણે અમૃત સરોવરની પણ મુલાકાત લીધી હતી.

રાજપિપળામાં તેમણે છોટુભાઇ પુરાણી કોમ્પલેક્ષખાતે જીમ્નેશિયમ હોલનું પણ ઉદઘાટન કર્યું હતું.. સ્માર્ટ ક્લાસ રૂમનું ઉદઘાટન કરતાં તેમણે જણાવ્યું કે, સ્માર્ટ ક્લાસરુમ આજના સમયની માંગ છે.

## (બાઇટ- એસ.જયશંકર, વિદેશ મંત્રી )

# REV. BENGAL WAQF PROTEST PAGE-1

ભાજપે પશ્ચિમ બંગાળના રાજ્યપાલ ડૉ. સી.વી. આનંદ બોઝને મુર્શિદાબાદ હિંસા મામલે હસ્તક્ષેપ કરવા વિનંતી કરી છે. આ સંદર્ભમાં શશાંક શેખર ઝા દ્વારા સુપ્રીમ કોર્ટમાં એક અરજી પણ દાખલ કરવામાં આવી હતી, જેમાં સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશન ટીમ દ્વારા કોર્ટની દેખરેખ હેઠળ ઘટનાની તપાસ કરાવવાની વિનંતી કરવામાં આવી હતી.

દરમિયાન, ADG (પૂર્વીય કમાન્ડ) BSF, રવિ ગાંધીએ ગઈકાલે મુર્શિદાબાદના સમશેરગંજની મુલાકાત લીધી હતી અને રાજ્યના DGP રાજીવ કુમાર અને દક્ષિણ બંગાળના ADG સુપ્રતિમ સરકાર સાથે સમીક્ષા બેઠક યોજી હતી. આ બેઠકમાં જાંગીપુર સહિત વિવિધ જિલ્લાઓના વરિષ્ઠ પોલીસ અધિકારીઓ પણ હાજર રહ્યા હતા. એડીજીએ જણાવ્યું કે, બીએસએફ અને પોલીસ હિંસા પ્રભાવિત વિસ્તારોમાં શાંતિ અને વ્યવસ્થા જાળવવા માટે સંયુક્ત રીતે કામ કરશે.

અમારા સંવાદદાતાના અહેવાલ મુજબ, મુર્શિદાબાદના હિંસાગ્રસ્ત વિસ્તારોના મોટી સંખ્યામાં લોકોએ માલદા જિલ્લાના વૈષ્ણવનગર ખાતે રાહત શિબિરોમાં આશ્રય લીધો છે. ભાજપના પ્રદેશ પ્રમુખ ડૉ. સુકાંત મજુમદારે ગઈકાલે રાહત શિબિરોમાં લોકોની મુલાકાત લીધી હતી. તેમણે કહ્યું, ભાજપ હિંસાગ્રસ્ત વિસ્તારોમાં બીએસએફની હાજરી વધારવા માટે કલકત્તા હાઈકોર્ટમાં અપીલ કરશે. ગયા અઠવાડિયે, સમશેરગંજ, સુતી, જાંગીપુર અને મુર્શિદાબાદ જિલ્લાના વિવિધ વિસ્તારોમાં વક્ફ (સુધારા) કાયદાના વિરોધમાં હિંસા જોવા મળી હતી.

# REV. BENGAL WAQF PROTEST PAGE-2

રાજ્યમાં આવી જ એક ઘટનામાં, દક્ષિણ 24 પરગણા જિલ્લાના ભાંગર વિસ્તારમાં ગઈકાલે વકફ (સુધારા) કાયદા સામે હિંસક વિરોધ પ્રદર્શનો થયા. પોલીસ કર્મચારીઓ પર હુમલો કરવામાં આવ્યો, વાહનોને નુકસાન પહોંચાડવામાં આવ્યું અને આગ ચાંપી દેવામાં આવી. કાશીપુર વિસ્તારમાં ટોળાએ નવ પોલીસકર્મીઓ પર હુમલો કર્યો અને તેમની બાઇકોને આગ ચાંપી દીધી. આ ઘટનાના સંદર્ભમાં પોલીસે આઠ લોકોની ધરપકડ કરી છે.

# HAJ-QUOTA INCREASED

ભારતનો હજ ક્વોટા 2014 માં એક લાખ 36 હજારથી વધારીને 2025 માં એક લાખ 75 હજાર કરવામાં આવ્યો છે. એક સોશિયલ મીડિયા સંદેશમાં, લઘુમતી બાબતોના મંત્રાલયે જણાવ્યું કે, તે આ વર્ષે મુખ્ય ક્વોટા હેઠળ એક લાખ 22 હજારથી વધુ યાત્રાળુઓ માટે ભારતની હજ સમિતિ દ્વારા વ્યવસ્થાનું સંચાલન થઇ રહ્યું છે.

મંત્રાલયે જણાવ્યું કે, સાઉદી અરેબિયાની માર્ગદર્શિકા અનુસાર ફ્લાઇટ્સ, પરિવહન, મીના કેમ્પ, રહેઠાણ અને સેવાઓ સહિતની તમામ જરૂરી તૈયારીઓ પૂર્ણ કરવામાં આવી છે. તેમાં કહેવામાં આવ્યું કે, બાકીનો ક્વોટા, નિયમ મુજબ, ખાનગી ટૂર ઓપરેટરોને ફાળવવામાં આવ્યો હતો. મંત્રાલયે વધુમાં નોંધ્યું કે, સાઉદીના નવા નિયમો અનુસાર, તેણે 800 થી વધુ ઓપરેટરોને 26 સંયુક્ત હજ ગ્રુપ ઓપરેટરોમાં એકીકૃત કર્યા છે અને તેમને ક્વોટા અગાઉથી વહેંચી દીધો છે.

# DAY LOK BANDHU HOSPITAL FIRE

ઉત્તર પ્રદેશમાં, ગઈકાલે રાત્રે લાગેલી આગની ઘટના બાદ લખનૌની લોક બંધુ હોસ્પિટલમાં ઓપીડી સેવાઓ ફરી શરૂ કરવામાં આવી છે. હોસ્પિટલના ડિરેક્ટર સંગીતા ગુપ્તાએ માહિતી આપી કે, ઓપીડી સેવાઓ ફરી શરૂ કરવામાં આવી છે અને દર્દીઓની સારવાર માટે બધા ઓપીડી ડોકટરો ઉપસ્થિત છે.

(બાઇટ- સંગીતા ગુપ્તા, ડિરેક્ટર, લોકબંધુ હોસ્પિટલ )

ગઈકાલે રાત્રે હોસ્પિટલના બીજા માળે ભીષણ આગ લાગવાથી ક્રિટિકલ કેરમાં રહેલા દર્દીઓ સહિત 200 થી વધુ દર્દીઓને હોસ્પિટલમાંથી સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા. અમારા સંવાદદાતાના અહેવાલ મુજબ, લોકબંધુ હોસ્પિટલમાં આગ લાગ્યા બાદ ઘણા દર્દીઓને KGMU, બલરામપુર હોસ્પિટલ અને સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આરોગ્ય વિભાગના ઉચ્ચ અધિકારીઓએ પણ હોસ્પિટલની મુલાકાત લીધી હતી. જ્યારે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે તમામ અસરગ્રસ્ત દર્દીઓને યોગ્ય તબીબી સહાય આપવા માટે અધિકારીઓને સૂચના આપી હતી.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# J&K TERRORIST

જમ્મુ-કાશ્મીરમાં ગઈકાલે રાત્રે પૂંછ જિલ્લાના એક ગામમાં આતંકવાદીઓ અને સુરક્ષા દળો વચ્ચે અથડામણ થઈ હતી. અમારા સંવાદદાતાએ અહેવાલ આપ્યો કે, ગઈકાલે રાત્રે પૂંછ જિલ્લાના સુરનકોટ પેટાવિભાગના લસાના ગામમાં ગોળીબાર થયો હતો, જ્યારે સુરક્ષા દળોએ આ વિસ્તારમાં આતંકવાદીઓની હાજરીની માહિતી મળ્યા બાદ સર્ચ ઓપરેશન શરૂ કર્યું હતું. આ ગોળીબારમાં એક સૈનિક ઇજાગ્રસ્ત બન્યો હતો જેને નજીકની હોસ્પિટલમાં સારવાર માટે લઇ જવાયો હતો.

# JK AMARNATH YATRA

વાર્ષિક અમરનાથ યાત્રા માટે નોંધણી પ્રક્રિયા ગઈકાલથી શરૂ થઈ છે. અમારા સંવાદદાતાએ કહ્યું, તીર્થયાત્રીઓ 220 રૂપિયા ચૂકવીને શ્રી અમરનાથજી શ્રાઈન બૉર્ડની વૅબસાઈટ JKSASB.NIC.IN પરથી 52 દિવસની આગામી યાત્રા માટે ઑનલાઈન નોંધણી કરાવી શકાશે.

સમગ્ર દેશમાં 540થી વધુ અધિકૃત બૅન્ક શાખાઓ અને પંચાયત ભવન, વૈષ્ણવી ધામ અને મહાજન સભાખંડ જેવા નિયુક્ત કેન્દ્રો પર નોંધણી કરાવી શકાશે. તમામ તીર્થયાત્રીઓ માટે નોંધણી કરાવવી ફરજિયાત છે અને ઊંચાઈવાળા દુર્ગમ માર્ગ માટે આરોગ્યની પુષ્ટિ કરાવવા અધિકૃત આરોગ્ય એકમ દ્વારા જાહેર કરાયેલું અનિવાર્ય આરોગ્ય પ્રમાણપત્ર- C.H.Cની જરૂર પડશે. યાત્રિકોની ભીડનું નિયંત્રણ કરવા માટે દરરોજ માત્ર 15 હજાર યાત્રીઓને જ મંજૂરી અપાશે.

ઉલ્લેખનીય છે કે, આગામી ત્રણ જુલાઈએ અનંતનાગ જિલ્લાના પહેલગામ ટ્રેક અને ગાંદરબલ જિલ્લાના બાલતાલ માર્ગથી અમરનાથ યાત્રાનો આરંભ થશે. આ યાત્રા નવ ઑગસ્ટે રક્ષાબંધનના દિવસે પૂર્ણ થશે.

# AKASHVANI HYDERABAD KENDRA

આકાશવાણી હૈદરાબાદ કેન્દ્ર આજે તેની ડાયમંડ જ્યુબિલી ઉજવી રહ્યું છે. 1950માં આ જ દિવસે પૂર્વ હૈદરાબાદ રાજ્યમાં નિઝામનો ડેક્કન રેડિયો ભારત સરકારના કબજામાં આવ્યો હતો અને પછીના દિવસોમાં આકાશવાણી હસ્તક થયો હતો. આકાશવાણી અને સમાચાર સેવા વિભાગના મહાનિર્દેશક ડૉ. પ્રજ્ઞા પાલીવાલ ગૌર આકાશવાણી હૈદરાબાદના પરિસરમાં ડાયમંડ જ્યુબિલી સ્તંભનું વર્ચ્યુઅલી અનાવરણ કરશે.

સાડા સાત દાયકાની સફર દરમિયાન, આકાશવાણી હૈદરાબાદ કેન્દ્ર આ પ્રદેશનું એક અભિન્ન અંગ બની ગયું છે, જેમાં હાલના બે તેલુગુ રાજ્યો, તેલંગાણા અને આંધ્રપ્રદેશ, સહિત મહારાષ્ટ્ર અને કર્ણાટકના કેટલાક ભાગોનો સમાવેશ થાય છે, જેમાં સમાજના તમામ વર્ગો માટે સાત ભાષાઓમાં સતત કાર્યક્રમો પ્રસારિત થાય છે. આ કેન્દ્ર આ પ્રદેશના લોકોના રોજિંદા જીવનથી અવિભાજ્ય બની ગયું છે,

# SHARE MARKET

અમેરિકા દ્વારા ઇલેક્ટ્રોનિક્સ ઉત્પાદનો પર કામચલાઉ રીતે ટેરિફમાંથી રાહત આપવા અંગેના સકારાત્મક વૈશ્વિક સંકેતોને કારણે વૈશ્વિક બજારોમાં તેજીનો માહોલ સર્જાયો હતો. અમેરિકા દ્વારા વધુ ટેરિફ માફીની શક્યતા વચ્ચે આજે ભારતીય શેરબજાર ઉછાળા સાથે ખુલ્યા હતા. BSE સેન્સેક્સ અને નિફ્ટીમાં 2 ટકાનો ઉછળો જોવા મળ્યો હતા. સેન્સેક્સ એક હજાર છસો કરતાં વધુ પોઈન્ટ વધીને 76 હજાર સાતસોની સપાટીને પાર કરી ગયો હતો. જ્યારે નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી પાંચસો કરતાં વધુ પોઈન્ટના વધારા સાથે 23 હજાર 300ની સપાટીને પાર પહોંચ્યો હતો.

# IPL CRICKET

ઇન્ડિયન પ્રીમિયર લીગ- I.P.L. ટી-20 ક્રિકેટમાં આજે પંજાબ કિંગ્સ અને કોલકાતા નાઈટ રાઈડર્સ વચ્ચે મૅચ રમાશે. ચંદીગઢના મહારાજા યાદવિન્દ્ર સિંઘ આંતર-રાષ્ટ્રીય ક્રિકેટ સ્ટેડિયમમાં રમાનારી આ મૅચ સાંજે સાડા સાત વાગ્યે શરૂ થશે. પંજાબની ટીમ શ્રેયસ અય્યર અને કોલકાતાની ટીમ અજિંક્ય રહાણેના સુકાનીપદ હેઠળ મેદાનમાં ઉતરશે.

દરમિયાન ચેન્નઈ સુપર કિંગ્સે ઈજાગ્રસ્ત ઋતુરાજ ગાએકવાડની જગ્યાએ આયૂષ મ્હાત્રેને અને સનરાઈઝર્સ હૈદરાબાદે એડમ જમ્પાની જગ્યાએ સ્મરણ રવિચન્દ્રન-ને ટીમમાં સ્થાન આપ્યું છે. ઘરેલુ ક્રિકેટમાં મુંબઈનું પ્રતિનિધિત્વ કરનારા આયૂષ મ્હાત્રે 30 લાખ રૂપિયાના કરાર પર ચેન્નઈની ટીમમાં જોડાયા છે.

જ્યારે ઘરેલુ ક્રિકેટમાં કર્ણાટકનું પ્રતિનિધિત્વ કરનારા ડાબા હાથના બેટ્સમૅન સ્મરણ રવિચન્દ્રન-ને પણ 30 લાખ રૂપિયાના કરાર પર હૈદરાબાદની ટીમમાં લેવામાં આવ્યા છે.

આ ઉપરાંત પંજાબ કિંગ્સના ઝડપી બૉલર લૉકી ફર્ગ્યૂસન ઈજાગ્રસ્ત થતાં ટૂર્નામૅન્ટથી અનિશ્ચિત મુદત માટે બહાર થઈ ગયા છે. જ્યારે સનરાઈઝ્સ હૈદરાબાદની સાથે મૅચ દરમિયાન ફર્ગ્યૂસનને ડાબા પગ પર ખેંચ આવવાના કારણે મેદાનમાંથી બહાર જવું પડ્યું હતું.

# DELHI BAUG MAHOTSAV

રાજધાની શિમલાને અડીને આવેલા મશોબરામાં ઐતિહાસિક રાષ્ટ્રપતિ નિવાસમાં છ દિવસીય બાગ મહોત્સવ આજથી શરૂ થઈ રહ્યો છે. આ મહોત્સવ 20 એપ્રિલ સુધી દરરોજ સવારે 10 થી સાંજે 6 વાગ્યા સુધી દેશભરના પ્રકૃતિ પ્રેમીઓ અને પ્રવાસીઓ માટે ખુલ્લો રહેશે. આ સમયગાળા દરમિયાન, રાષ્ટ્રપતિ નિવાસમાં પ્રવેશ સામાન્ય લોકો માટે નિઃશુલ્ક રહેશે.

આ વખતે ગાર્ડન ફેસ્ટિવલમાં 35 થી વધુ પ્રકારના રંગબેરંગી ફૂલોનું સુંદર પ્રદર્શન યોજવામાં આવ્યું છે. આ ઉપરાંત, આકર્ષક બોંસાઈ છોડ અને કુદરતી સૌંદર્યથી ભરપૂર ખીણો મુલાકાતીઓને મંત્રમુગ્ધ કરશે.